**Vyapar– April 08, 2013**

# સીએલપી ઈન્ડિયાનો ભરૂચ પાવર પ્લાન્ટ બંધ પડ્યો

મુંબઈ, તા. ૯ એપ્રિલ

ભરૂચમાં આવેલા ચાઈના લાઈટ એન્ડ પાવર (સીએલપી) ઈન્ડિયાના ૬૬૫ મેગાવોટ ગેસ આધારિત પાવર પ્લાન્ટને કૃષ્ણા-ગોદાવરી અખાતમાંથી ગેસ પુરવઠો નહીં મળવાથી લગભગ અઠવાડિયાથી પ્લાન્ટ બંધ કરવામાં આવ્યો છે.

પ્લાન્ટની ઉત્પાદનક્ષમતા ૧,૦૦૦ મેગાવોટ વધારવાની યોજના હમણાં મોકૂફ રાખવામાં આવી છે.



કૃષ્ણા-ગોદાવરી અખાતમાંથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પ્લાન્ટને જરૂરિયાતનો છઠ્ઠા ભાગનો ગેસ પૂરો પાડે છે. પ્લાન્ટ ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન અને કેઈર્ન ઈન્ડિયા પાસેથી પણ ગેસ મેળવે છે.

પ્લાન્ટને લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી) સહેલાઈથી મળે છે, પરંતુ તે ખર્ચાળ હોવાથી વીજળીનો ઉત્પાદન ખર્ચ વધુ આવે છે.

ઊંચા ભાવ માટે અમારે મંજૂરી લેવી પડે છે. ગુજરાત પાસે વીજપુરવઠો સિલક છે અને તે સોંઘો વિકલ્પ ધરાવે છે, એમ સીએલપી ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું. કંપની વધુ ગેસ માટે કેન્દ્ર સમક્ષ રજૂઆત કરી રહી છે.

ગેસની સમસ્યા ગંભીર છે. કેજી-ડીદમાં રિલાયન્સના વધુ રોકાણના કારણે એક-બે વર્ષમાં પરિસ્થિતિ સુધરશે, એમ મિશ્રાએ જણાવ્યું હતું.